ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૩.૦° સે. | ૧૫.૦° સે. |
| બારડોલી | ૩૨.૦° સે. | ૧૫.૦° સે. |
| ભરૂચ | ૩૨.૦° સે. | ૧૪.૦° સે. |
| વ્યારા | ૩૨.૦° સે. | ૧૫.૦° સે. |






### બારડોલીમાં નવી ડ્રાફ્ટ મતદાર યાદીમાં સુધારણા કાર્યક્રમને લઈ મોટું ભોપાળું, બારડોલી પ્રાંત અધિકારીને લેખિતમાં ફરિયાદ

## ગંભીર છબરડો

# મતદાર યાદીમાં આખી સોસાયટી જ ગાયબ!

**ઓનલાઈન** EPIC નંબર સાથે ચેક કરવામાં આવે તો મતદાતાઓની વિગતો મળે છે, પણ જાહેર થયેલી યાદીમાં નથી

**વોર્ડ નં.2માં** આવેલી ભુવનેશ્વરી સોસાયટીના અંદાજિત 218 મતદાર યાદીમાંથી અલોપ




### અમારી સોસાયટીનું નામ જ ન હતું: ઈશ્વરભાઈ ભંડારી

અરજદાર ઈશ્વરભાઈ ભંડારીએ જણાવ્યું હતું કે, મતદાર યાદી જાહેર થતાં મતદાન કેન્દ્ર પર જોવા ગયા હતા. જ્યાં અમારી સોસાયટીનું નામ જ ન હતું. યાદી ચેક કરી તો સોસાયટીના મતદારોનાં નામ પણ ગાયબ હતાં. આથી મેં આ અંગે પ્રાંત અધિકારીને અરજી આપી છે.

### પ્રાંત અધિકારીનો સંપર્ક ન થયો

આ બાબતે બારડોલી પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમારનો સંપર્ક કરવા પ્રયાસ કરતાં સંપર્ક થઈ શક્યો ન હતો.

### ભરૂચ જિલ્લામાં 16.3 ટકા નામ મતદાર યાદીમાંથી નીકળી શકે

ભરૂચ: ખાસ સઘન સુધારણા (SIR) બાદ ગુજરાતમાં મતદાર યાદી લગભગ 14.5 ટકા ઘટી શકે છે, જેમાં ભરૂચ સહિત ગુજરાતનાં મેટ્રો શહેરી કેન્દ્રોમાં સૌથી વધુ મતદાર યાદી કાઢી નાંખવાની સંભાવના છે. જિલ્લાવાર માહિતી અનુસાર શહેરી જિલ્લાઓ સંભવિત કાઢી નાંખવાની સંભાવના વધારે છે. સંભવિત કાઢી નાંખવાનું પ્રમાણ સૌથી વધુ ધરાવતા જિલ્લાઓ ભરૂચ જિલ્લામાં 16.3 ટકા, સૌથી વધુ સુરતમાં 25.7 ટકા, અમદાવાદમાં 23.2 ટકા, વડોદરામાં 18.7 ટકા અને વલસાડમાં 16.3 ટકા ઘટી શકે છે. જ્યારે જે જિલ્લાઓમાં મતદાર યાદીમાં નામ રદ થવાની શક્યતા સૌથી ઓછી છે. ડાંગ જિલ્લામાં 5.5 ટકા, નર્મદા જિલ્લામાં 7.4 ટકા, છોટા ઉદેપુરમાં 7.8 ટકા, તાપીમાં 7.9 ટકા અને ગીર સોમનાથ 8 ટકા ઘટાડો જોવા મળી શકે છે.

બારડોલી: બારડોલીમાં મતદાન સુધારણા કાર્યક્રમને લઈને મોટું ભોપાળું સામે આવ્યું છે. બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.2ની એક આખી સોસાયટી જ નવી ડ્રાફ્ટ મતદાર યાદીમાં ગાયબ થઈ જતાં મતદારો ચિંતામાં મુકાયા છે. આ અંગે બારડોલી પ્રાંત અધિકારીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. સોસાયટીના અંદાજિત 218 મતદાર આ યાદીમાંથી ગાયબ જણાયા હતા.

આ અંગે મળતી માહિતી અનુસાર હાલમાં ચૂંટણી પંચ દ્વારા વિશેષ સઘન સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. તમામ મતદાતાઓની સુધારણા બાદ 19મીના રોજ ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.2માં આવેલી ભુવનેશ્વરી સોસાયટીનું નામ જ ગાયબ થઈ ગયું છે. અગાઉની યાદીમાં સોસાયટીનું નામ હતું. આ યાદીમાં નામ તો નથી સાથે મતદાતાઓના નામ પણ ગાયબ જોવા મળી રહ્યાં છે. આથી સ્થાનિક આગેવાન ઈશ્વરભાઈ ભંડારી દ્વારા બારડોલી પ્રાંત અધિકારીને લેખિતમાં અરજી આપી યોગ્ય સુધારો કરવાની માંગ કરી છે. જૂની યાદી મુજબ મતદાર અનુક્રમ નં.433થી 650 સુધીના કુલ 218 મતદારોની યાદી નવી ડ્રાફ્ટ મતદાર યાદીમાં જોવા મળી રહી નથી. જેને લઈને ભારે ઉહાપોહ મચી ગયો છે. હવે આ કોની ભૂલના કારણે થયું તે એક તપાસનો વિષય છે. જો કે, ઓનલાઈન EPIC નંબર સાથે ચેક કરવામાં આવે તો મતદાતાઓની વિગતો મળી રહી છે. પરંતુ જે યાદી જાહેર કરવામાં આવી છે. તેમાં તેમનાં નામ ન હોવાનું સામે આવ્યું છે. આ ગંભીર બાબત અંગે મતદારોના ન્યાયના હિતમાં કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# કાંકરિયાની સીમમાં ગેરકાયદે ડમ્પિંગ વેસ્ટ ઠાલવવાનો કારસો પકડાયો

**15 દિવસથી** રાત્રિ દરમિયાન સચિન-ખજોદથી દુર્ગંધ મારતો કચરો લાવી ખેતરમાં પુરાતું હતું, ગ્રામજનોએ ટ્રકો અટકાવી કાર્યવાહી કરાવી


મેહુલ પટેલ

અનાવલ: સુરત જિલ્લાના અંબિકા તાલુકાના કાંકરિયા ગામે ધોબી ફળિયામાં મહમદભાઈ સીદાત નામના ખેડૂતનું ખેતર આવેલું છે. ખેતરમાંથી અગાઉ માટી કાઢવામાં આવતાં મોટા ખાડા પડી ગયા હતા. આ ખાડાઓ છુપાવવા માટે સચિન-ખજોદ વિસ્તારથી રાત્રિ દરમિયાન ડમ્પિંગ વેસ્ટ હાઈવા ટ્રકોમાં ભરી લાવી ખેતરમાં પૂરવામાં આવી રહ્યો હતો.

છેલ્લા 15 દિવસથી દરરોજ રાત્રે આખી રાત દરમિયાન અંદાજે પાંચ વીંઘા જેટલી જમીનમાં દુર્ગંધ મારતો ડમ્પિંગ વેસ્ટ ઠાલવવામાં આવી રહ્યો હતો. આ વેસ્ટમાંથી આવતી અસહ્ય દુર્ગંધના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. દુર્ગંધ એટલી તીવ્ર હતી કે આસપાસના ખેડૂતો પણ ખેતરમાં જઈ શકતા ન હતા.

પરિસ્થિતિથી કંટાળેલા ગ્રામજનોએ એકત્રિત થઈ આ ગેરકાયદે કામગીરી બંધ કરાવવા ગામના સરપંચને રજૂઆત કરી હતી. રવિવારે રાત્રે સરપંચ અજયભાઈ પટેલ તેમજ ગ્રામજનોએ ભેગા મળી ખેતરમાં ડમ્પિંગ વેસ્ટ ઠાલવવા આવેલી ચાર હાઈવા ટ્રકને અટકાવી હતી. ટ્રકોને ગ્રામ પંચાયત કચેરી ખાતે લઈ જઈ મહુવા પોલીસ તેમજ મહુવા મામલતદારને સમગ્ર ઘટનાની જાણ કરવામાં આવી હતી.

સોમવારે સવારે સરપંચ અને ગ્રામજનોએ આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવા ટ્રકના માલિક તથા સંબંધિત ખેડૂતને ગ્રામ પંચાયત કચેરી ખાતે બોલાવ્યા હતા. બેઠક દરમિયાન ખેતરમાં ખાલવાયેલો દુર્ગંધ મારતો ડમ્પિંગ વેસ્ટ ફરી ટ્રકોમાં ભરી ખેતર ખુલ્લું કરવા અને ગામને રોગમુક્ત તથા દુર્ગંધમુક્ત બનાવવાની કડક સૂચના આપવામાં આવી હતી. વેસ્ટ સંપૂર્ણપણે દૂર ન થાય ત્યાં સુધી ટ્રકો તથા હિટાચી મશીન છોડવામાં નહીં આવે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી.

### ગ્રામજનોએ એકજૂટતા દાખવી

સચિનથી ડમ્પિંગ વેસ્ટ ભરી લાવી છેલ્લા 15 દિવસથી રાત્રિ દરમિયાન કાંકરિયા ગામે મહમદભાઈ સીદાતના ખેતરમાં ઠાલવવામાં આવી રહ્યો હતો. તીવ્ર દુર્ગંધથી ગ્રામજનોએ ભારે હાલાકી ભોગવી હતી. રવિવારે રાત્રે ગ્રામજનોએ ટ્રકો અટકાવી પંચાયત કચેરીએ મૂકી દીધાં હતાં. સોમવારે સવારે પોલીસની હાજરીમાં ટ્રક માલિક અને ખેડૂતને બોલાવી તાત્કાલિક વેસ્ટ ઊંચકવાની સૂચના આપી હતી. વેસ્ટ દૂર કર્યા બાદ જ ટ્રકો અને હિટાચી મશીન છોડવામાં આવશે. **– અજયભાઈ પટેલ (સરપંચ)**

### આરોગ્યની દૃષ્ટિએ ગંભીર ખતરો

કાંકરિયા ગામે ખેતરમાં ખાલવાયેલો તીવ્ર દુર્ગંધ મારતો કચરો માનવ શરીર માટે અત્યંત હાનિકારક છે. આ પ્રકારના કચરાથી ટાઈફોઈડ, કોલેરા ઉપરાંત ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગો ફેલાવાની શક્યતા રહે છે. આ વેસ્ટ જમીન અને પાણીને પણ દૂષિત કરે છે, જેના કારણે પાણીજન્ય રોગો થવાનો ખતરો વધે છે. **–ડો.સ્મિત દેસાઈ (મેડિકલ ઓફિસર, વલવાડા પી.એચ.સી.)**

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના યોગ કોચ કમલેશભાઈ ચૌધરીનું રાજ્ય કક્ષાએ સન્માન


હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકામાં છેલ્લાં પાંચ વર્ષથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી નિયમિત રીતે નિ:શુલ્ક યોગ કક્ષાઓનું સંચાલન કરી રહેલા માંડવી તાલુકાના યોગકોચ કમલેશભાઈ ચૌધરીને સુરત જિલ્લાના શ્રેષ્ઠ યોગ કક્ષા સંચાલક તરીકે રાજ્ય કક્ષાએ સન્માનિત કરવામાં આવ્યા છે. તા.૨૧ ડિસેમ્બર-વિશ્વ ધ્યાન દિવસના અવસરે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને હિમાલયન સમર્પણ મેડિટેશનના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોગકોચ અને યોગ ટ્રેનરનો પ્રથમ દીક્ષાંત સમારોહ તથા વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરાઈ હતી, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યભરના યોગસાધકો અને યોગકોચોને સન્માન અંતર્ગત કમલેશભાઈને મેડલ એનાયત થયો હતો.

### તરસાડીમાં જર્જરિત થયેલા આખરે ત્રણ રસ્તાનું ખાતમુહૂર્ત કરાયું


ઈબ્રાહીમ કાનુ

હથોડા: તરસાડી નગરપાલિકા હદ વિસ્તારના ઘણા લાંબા સમયથી જર્જરિત થઈ ગયેલા તરસાડી-સિસોદરા, તરસાડીથી ઈલાવ-હાંસોટને જોડતા માર્ગ અને તરસાડીથી હથુરણ-પાનોલીને જોડતા માર્ગનું સોમવારે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી માત્રામાં લોકો હાજર રહ્યા હતા.

### ખોલવડમાં પાણી છાંટતી વેળા પગ લપસી જતાં પહેલા માળેથી પટકાયેલા આધેડનું મોત



કામરેજ: મૂળ અમરેલીના કુબડા ગામના વતની અને હાલ કામરેજના આકૃતિ બંગ્લોઝમાં મકાન નં.70માં રહેતા અરવિંદભાઈ મેઘજીભાઈ બોરડ (ઉં.વ.41) ચાર દિવસ અગાઉ ખોલવડમાં ઓરેન્જ વિલા રો હાઉસમાં બાંધકામ ચાલતું હોવાથી ત્યાં પાણી છાંટતા બપોરે 1.30 કલાકે અચાનક પહેલા માળ પરથી પગ લપસી જતાં નીચે પટકાયા હતા. આથી શરીરે ઈજા થતાં કામરેજ ચાર રસ્તાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. રવિવારે મોડી રાત્રે 12.15 કલાકે અરવિંદભાઈનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસને જાણ થતાં અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત વાલિયા પોલીસે 3 આરોપીની ધરપકડ કરી



ભરૂચ: ભારત સરકારના NCCRP પોર્ટલ પર નોંધાયેલી સાયબર ફ્રોડની ફરિયાદોના આધારે "ઓપરેશન મ્યુલ હન્ટ" અંતર્ગત વાલિયા પોલીસે જુદાં જુદાં બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી રૂ.18.95 લાખના સાયબર ફ્રોડમાં સંકળાયેલા ત્રણ આરોપી અંકિત વસાવા, સુનીલ વસાવા (બંને સોડગામ, વાલિયા) તથા પ્રદીપ ગજેરા (હાલ સુરત)ને ઝડપી લીધા હતા. જ્યારે યોગેશ બારૈયા હજુ વોન્ટેડ છે. તપાસમાં ખૂલ્યું છે કે એકાઉન્ટ ધારકોને કમિશનની લાલચ આપી ફ્રોડનાં નાણાં ટ્રાન્સફર કરાવવામાં આવતાં હતાં. પકડાયેલા આરોપીઓનાં એકાઉન્ટની તપાસમાં તેલંગાણા, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં પણ સાયબર ક્રાઇમની ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.

### બારડોલીના બાબલા ગામથી પરિણીતા ગુમ

બારડોલી: બારડોલીના બાબલા ગામે માહ્યાવંશી મહોલ્લામાં રહેતી એક પરિણીતા ગુમ થઈ ગઈ હતી. જે સુપામાં બાઈક મૂકી નવસારીમાં રિક્ષા મૂકીને ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર પાયલબેન નિકુંજભાઈ પરમાર (ઉં.વ.૩૨) ગત તા.૨૧/૧૨/૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૩૦થી ૨:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર નીકળી ગયાં હતાં. તેઓ પોતાની મોપેડ નં.(GJ-21-AD-6939) લઈને નીકળ્યા બાદ પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. અંતે તેમના પતિ નિકુંજભાઈ પરમારે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે ગુમ જાણવા ગુનો નોંધી વધુ તપાસ સોંપી છે. મહિલાનું મોપેડ સુપા ગામના શોપિંગ સેન્ટરમાંથી મળી આવ્યું હતું. તે મોપેડ મૂકી નવસારી તરફ રિક્ષામાં ગઈ હોવાનું અનુમાન છે.

# મરઘી જોઈ દીપડો લલચાયો, પાંજરામાં પુરાતા ત્રાડો પાડી!

**અંબિકાના** વહેવલ અને કાંકરિયા ગામે બે દીપડા પાંજરામાં પુરાયાં


મેહુલ પટેલ

અનાવલ: અંબિકાના વહેવલ ગામે આશ્રમ ફળિયામાં તેમજ કાંકરિયા ગામે ઝાડી ફળિયામાં છેલ્લા ઘણા દિવસોથી દીપડા દેખાવાની ઘટનાઓ સામે આવી રહી હતી. રહેણાક વિસ્તારોમાં દીપડાએ મરઘાનો શિકાર કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ખેતરોમાં દીપડો નિર્ભયપણે ફરતો નજરે પડતાં ખેડૂતો પણ ભયભીત બન્યા હતા.

આ ઘટનાઓને લઈને બંને ગામના ગ્રામજનોએ મહુવા વનવિભાગને જાણ કરી પાંજરું મૂકવાની રજૂઆત કરી હતી. રજૂઆતના આધારે મહુવા વનવિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને વહેવલ ગામે આશ્રમ ફળિયામાં વિક્રમભાઈ કોળઘાના ઘર નજીક તેમજ કાંકરિયા ગામે ઝાડી ફળિયામાં પાંજરાં મૂકવામાં આવ્યાં હતાં અને મારણ તરીકે મરઘી મૂકી દીપડાને ઝબ્બે કરવાની કવાયત હાથ ધરાઈ હતી. રવિવારે રાત્રે આશરે 8 વાગ્યાના અરસામાં કાંકરિયા ગામે કદાવર દીપડી પાંજરા નજીક આવી હતી. પાંજરામાં મારણ તરીકે મૂકેલ મરઘી જોઈ લલચાઈ જતાં તે ખાવા જતા આબાદ રીતે પાંજરામાં ઝડપાઈ ગઈ હતી. બીજી તરફ વહેવલ ગામે મુકાયેલા પાંજરામાં અઢી વર્ષનો કદાવર દીપડો મારણ ખાવા જતા ઝડપાઈ ગયો હતો.

પાંજરે પુરાયેલા દીપડાની ત્રાડો સાંભળતા ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બંને દીપડાં પાંજરામાં પુરાતાં જ ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. દીપડાને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે ઊમટી પડ્યા હતા. ત્યારબાદ તાત્કાલિક વનવિભાગને જાણ કરવામાં આવી હતી. વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી બંને ગામમાંથી પાંજરે પુરાયેલી દીપડી અને દીપડાનો કબજો લઈ ઉચ્ચ અધિકારીઓની સૂચના મુજબ તેમને દૂર જંગલ વિસ્તારમાં સલામત રીતે મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# તડકેશ્વરમાં કારની ટક્કરે રાહદારી મહિલાનું મોત


હિતેશ પટેલ

માંડવી: માંડવીના તડકેશ્વર ગામે ગમખ્વાર અકસ્માતમાં રોડ ક્રોસ કરી રહેલી મહિલાનું મોત થયું છે. આ ઘટના 22 ડિસેમ્બર, 2025ના રોજ સવારે આઠ વાગ્યાની આસપાસ બની હતી.

તડકેશ્વર ગામની સીમમાં આવેલી જનરલ કંપનીના ગેટ સામે કીમ-માંડવી રોડ પર જયાબેન દિનેશભાઈ પટેલ (ઉં.વ.41) રોડ ક્રોસ કરી રહ્યાં હતાં. એ સમયે GJ-19 BA-6162 નંબરની ઈકો કારના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી જયાબેનને અડફેટે લીધાં હતાં. અકસ્માત એટલો ગંભીર હતો કે જયાબેનને બંને હાથ, બંને પગ અને જમણા પગના ઘૂંટણ નીચેના ભાગે ફ્રેક્ચર થયું હતું. ઉપરાંત તેમને માથાના ભાગે પણ ગંભીર ઈજા પહોંચી હતી. જેના કારણે તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ મામલે આનંદકુમાર દિનેશભાઈ પટેલ (ઉં.વ.29) (રહે.,નોગામા, માંડવી) દ્વારા ફરિયાદ નોંધાવાતા જમાદાર જશવંતભાઈ વસાવા આગળની તપાસ હાથ ધરી હતી.

# ભાટપુર ગામમાં શાળાના નવા ઓરડાના બાંધકામમાં નકરી વેઠ

**શાળાના** બાંધકામમાં હલકી કક્ષાના મટિરિયલનો ઉપયોગ કરાતાં ગામના યુવાનોએ આવેદનપત્ર આપ્યું



વ્યારા: વ્યારાથી માત્ર અઢી-ત્રણ કિમીના અંતરે આવેલા ભાટપુરમાં પ્રાથમિક શાળાના નવા બની રહેલા ઓરડાના બાંધકામમાં કોન્ટ્રાક્ટર દ્વારા વેઠ ઉતારવામાં આવતી હોવાના આક્ષેપો સાથે ગામના યુવાનોએ ગતરોજ તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગને આવેદનપત્ર આપી શાળાનું યોગ્ય અને પાકા પાયે મજબૂત બાંધકામ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ભાટપુર ગામે 1થી 5 ધોરણ સુધી ચાલતી શાળાનો એકમાત્ર ઓરડો જર્જરિત અવસ્થામાં હતો, જેને તોડીને નવો ઓરડો બનાવવા માટે તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટરને કામ સોંપવામાં આવ્યું છે. સ્થાનિક તંત્રની લાપરવાહીને કારણે શાળાનું મકાન બનાવતા કોન્ટ્રાક્ટર દ્વારા બાંધકામમાં જરૂરી ધારાધોરણો મુજબ યોગ્ય મટિરિયલનો ઉપયોગ ન કરી માત્ર હલકી કક્ષાની કાચી ઈંટનો ઉપયોગ કરી તેમજ છતવાળું મકાન બનાવવાનું હોવા છતાં કોલમ કે બીમ પણ ભરવામાં ન આવતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. ત્યારે શાળાના નબળા બાંધકામની કામગીરીની તાત્કાલિક ધોરણે તપાસ કરાવી શાળાનું પાકા પાયે મજબૂત બાંધકામ થાય એ માટે ગામના યુવાનોએ તાપી કલેક્ટરને લેખિત રજૂઆત કરી હતી.

# પરિવારથી વિખૂટી પડેલી વૃદ્ધાનું પરિવાર સાથે સુખદ મિલન

**મહિલા** નંદુરબારથી ગુમ થઈ હતી, નિઝર પોલીસની ઉમદા કામગીરી



કુકરમુંડા : નિઝર પોલીસે વિખૂટા પડેલી એક વૃદ્ધાનું તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ તા.૨૧/૧૨/૨૦૨૫ના રોજ સાંજે આશરે સાત વાગ્યે નિઝર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. જાદવને એક અજાણ્યા ઈસમ દ્વારા ટેલિફોનિક માહિતી મળી હતી કે, નિઝરથી અડચી (મહારાષ્ટ્ર) જતા રોડની સાઈડમાં એક વૃદ્ધ મહિલા એકલી બેઠી છે. માહિતી મળતાં જ તાત્કાલિક નિઝર પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસ ટીમે અજાણી મહિલાને સુરક્ષિત રીતે નિઝર પોલીસ સ્ટેશન લાવી સ્થાનિક આદિવાસી ભાષામાં પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મહિલાએ કોઈ સ્પષ્ટ માહિતી આપી ન હતી. બાદ પોલીસ દ્વારા મહિલાના ફોટા નિઝર તાલુકાના સરપંચોના વોટ્સએપ ગ્રુપ તેમજ અન્ય સોશિયલ માધ્યમોમાં શેર કરવામાં આવ્યા હતા. ફોટા વાયરલ થતાં મહિલાની ઓળખ લીલાબેન દશરથભાઈ પાડવી (ઉં.વ.આ. ૭૫) (રહે.,પીપળોદ ગામ, તા.જિ. નંદુરબાર, મહારાષ્ટ્ર) તરીકે થઈ હતી. જાણવા મળ્યું હતું કે, મહિલા સવારના સમયે કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી અને ચાલતા ચાલતા નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પહોંચી જતાં અંધારું થઈ જતાં રોડની સાઈડમાં બેસી ગઈ હતી. ઓળખ થયા બાદ નિઝર પોલીસે તાત્કાલિક પીપળોદ ગામે પરિવારજનોનો સંપર્ક કરી વૃદ્ધ મહિલાનું તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

# બાબેનમાં બે બાઈક સામસામે અથડાતાં એકનું મોત

બારડોલી: બારડોલી તાલુકાના બાબેન ગામની સીમમાં શબરીધામ સોસાયટીના પ્રવેશદ્વાર પાસે બે મોટર સાઈકલ સામસામે અથડાતાં એક મોટર સાઈકલ ચાલકનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એકને ઈજા થતાં તે મોટર સાઈકલ સ્થળ પર મૂકી નાસી છૂટ્યો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર મૂળ રાજસ્થાનના ઝુનઝુનુ જિલ્લાના માતાશ કી ધાણી ગામના અને હાલ બારડોલી તાલુકાના બાબેન ગામે શબરીધામ સોસાયટીમાં રહેતા પ્રહલાદભાઈ રામેશ્વરભાઈ સૈની (ઉ.વ.40) ટાઈલ્સ ફીટિંગનું કામ કરતા હતા. રવિવારે રાત્રે પોણાનવ વાગ્યે તેઓ કામ પરથી પોતાની મોટર સાઈકલ નંબર જીજે 19 એએસ 0167 પર ઘરે પરત ફરી રહ્યા હતા તે સમયે તેમની સોસાયટીના ગેટ પાસે સામેથી પૂરઝડપે આવતી મોટર સાઈકલ નંબર જીજે 19 બીક્યુ 1672ના ચાલકે તેમની મોટર સાઈકલને ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં બંને મોટર સાઈકલ ચાલકોને ઈજા થઈ હતી. પ્રહલાદભાઈને પહેલા બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલમાં અને ત્યાંથી સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતાં.

# માંડવીના બૌધાન ગામે અજાણ્યા આધેડનો મૃતદેહ મળ્યો

માંડવી: માંડવી તાલુકાના બૌધાન ગામના મુખ્ય પ્રવેશદ્વાર પાસે એક અજાણ્યા આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. તેની ઉંમર આશરે 40થી 50 વર્ષની હતી. ગ્રામજનોની તપાસમાં જાણવા મળ્યું કે આ અજાણ્યો પુરુષ છેલ્લા સાત મહિનાથી બૌધાન ગામના મુખ્ય પ્રવેશદ્વારની ટાંકી પાસે આવેલા ચોરામાં જ રહેતો હતો. તે ભીખ માંગીને ગુજરાન ચલાવતો હતો. મૃતકના વાલી-વારસ અંગે પણ કોઈ માહિતી મળી નથી. ડેપ્યુટી સરપંચ સાજીદ ઉનીયાએ આ અંગે વધુ તપાસ કરવા માટે પોલીસને જાણ કરી છે.